દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૫ જૂન, ૨૦૨૬

# માઉન્ટ એવરેસ્ટ પર કચરાના ઢગલા: થોડા વર્ષ માટે પર્વતારોહણ પર પ્રતિબંધ જરૂરી છે

માઉન્ટ એવરેસ્ટ એ પૃથ્વી પરનું સૌથી ઉંચુ શિખર છે. આ શિખરની ટોચ સુધી જવું એ એક સમયે ખૂબ મુશ્કેલ લગભગ અશક્યવત જણાતું હતું. સને ૧૯૫૩માં અત્યંત મુશ્કેલ સંજોગોમાં સર એડમંડ હિલેરી અને તેનસિંગ નોર્ગેએ સૌપ્રથમ વખત આ શિખર સર કર્યું. પછી તો બીજા સાહસિકો પણ જવા લાગ્યા. અનેક સાહસિકો નિષ્ફળ પણ નિવડ્યા તો કેટલાકનાં મોત પણ થયા. પછી તો નવા નવા ટેકનોલોજીકલ સંશોધનો પણ આ પર્વતારોહણમાં મદદરૂપ થવા માંડ્યા અને સેંકડોની સંખ્યામાં સાહસિકો આ શિખર સર કરવા લાગ્યા. પરંતુ આ સાથે જ એક નવી મુશ્કેલી પણ સર્જાવા માંડી. પર્વતારોહકોની સંખ્યા વધતા આ પર્વત પર કચરાનો ઢગલો પણ વધવા માંડ્યો.

હાલમાં અહેવાલ આવ્યા છે કે માઉન્ટ એવરેસ્ટના સૌથી ઊંચા કેમ્પનું સ્થળ કચરાના ઢગલામાં ફેરવાઈ ગયું છે, જેમાં હાલમાં બહાર આવેલા એક વીડિયોમાં ત્યજી દેવાયેલા ટેન્ટ, ખાલી ઓક્સિજન સિલિન્ડર અને માનવ મળમૂત્ર બરફ પર વેરાયેલા જોવા મળે છે.

સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા ફૂટેજમાં પૃથ્વી પરનો સૌથી ઊંચો કેમ્પસાઇટ ‘કેમ્પ IV’ પર્વતારોહક જૂથો દ્વારા પાછળ છોડી દેવાયેલા કચરાના ઢગલાઓથી ભરેલો દેખાય છે, જેમાં અસંખ્ય ફાટી ગયેલા તંબુઓ તીવ્ર પવનમાં ફડફડી રહ્યા છે. સાઉથ કોલ પર આવેલો કેમ્પ IV, વિશ્વના સૌથી ઊંચા અને ચોથા સૌથી ઊંચા પર્વતો અનુક્રમે માઉન્ટ એવરેસ્ટ અને લ્હોત્સેની વચ્ચે આવેલો છે. ૨૬,૦૦૦ ફૂટની ઊંચાઈએ બનાવેલો આ કેમ્પ પર્વતારોહકો માટે ૨૯,૦૩૨ ફૂટ ઊંચા શિખર તરફ ‘ડેથ ઝોન’માંથી પસાર થવાનો પ્રયાસ કરતા પહેલાં આરામ કરવાનું અંતિમ સ્થળ છે. એવરેસ્ટના આરોહણને સમર્પિત સોશિયલ મીડિયા એકાઉન્ટ ‘એવરેસ્ટ ટુડે’ એ X પર પોસ્ટ કર્યું કે, ‘જે પૃથ્વી પરના સૌથી અદ્ભુત સ્થળોમાંનું એક હોવું જોઈતું હતું, તે ઘણી રીતે એવરેસ્ટના વ્યાપારીકરણનો સૌથી કદરૂપો ચહેરો બની ગયું છે.’ આ વાત બિલ્કુલ યોગ્ય જ છે. સુંદર માઉન્ટ એવરેસ્ટને માણસજાતે ગંદકીથી ભરેલું સ્થળ બનાવી દીધું છે. વધુમાં તેણે કહ્યું છે કે ‘સાઉથ કોલ પર ત્યજી દેવાયેલા ટેન્ટ, ખાલી ઓક્સિજન બોટલો, ખાદ્ય પદાર્થોના ડબ્બા, તૂટેલા સાધનો અને અન્ય કચરો ચારેય તરફ વેરવિખેર પડ્યો છે, જેણે વિશ્વના સૌથી ઊંચા કેમ્પસાઇટને પર્વતારોહણના સાધનોના સ્મશાનમાં ફેરવી દીધું છે.’

વિશ્વના સૌથી ઉંચા પર્વત પર હવે મોટી સમસ્યા વધુ પડતા પ્રમાણમાં પર્વતારોહકોનો ધસારો છે. મે મહિનામાં માત્ર એક જ દિવસમાં વિક્રમી ૨૭૪ લોકોએ નેપાળ થઈને માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો, જેના કારણે મુલાકાતીઓના ધસારાએ કચરાની સમસ્યાને વધુ ગંભીર બનાવી દીધી છે. સ્વાભાવિક રીતે પર્વતારોહકો પોતાની સાથે લઇ ગયેલા ખોરાકના ખાલી ડબ્બા, પાણીની બોટલો, કામચલાઉ તંબુઓ વગેરે ત્યાં ફેંકતા આવે છે. શૌચક્રિયાઓ પણ તેમણે ત્યાં કરવી પડે છે અને તેથી ગંદકી થાય છે. વર્ષોથી આ બધું થતું આવ્યું છે તેથી કચરો વધતો ગયો છે. મળ-મૂત્રનું તો વાતાવરણમાં વિસર્જન પણ થઇ જાય, પરંતુ પ્લાસ્ટિક જેવા પદાર્થોમાંથી બનેલી અનેક વસ્તુઓનું ઝડપથી વિસર્જન થતું નથી અને એવરેસ્ટ પર કચરો વધતો જાય છે. ૧૯૫૩માં એડમંડ હિલેરી અને તેનઝિંગ નોર્ગે દ્વારા આ શિખર પ્રથમ વખત સર કરવામાં આવ્યું ત્યારથી અત્યાર સુધીમાં હજારો પર્વતારોહકો આ પર્વત પર ચઢી ચૂક્યા છે. સમજી શકાય છે કે કેટલો કચરો ભેગો થયો હશે! જો કે પર્વત પર વર્ષોથી જમા થયેલા કચરાને સાફ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે, પરંતુ અતિશય ઊંચાઈ અને આત્યંતિક હવામાન આ કાર્યને ખૂબ જ જોખમી બનાવે છે.સારું હવામાન પણ ઝડપથી હિમવર્ષામાં ફેરવાઈ શકે છે અને અહીં ઓક્સિજનનું સ્તર સામાન્ય કરતાં ત્રીજા ભાગનું થઈ જાય છે. તેથી અહીં સામાન્ય સફાઇ કર્મચારીઓને મોકલી શકાતા નથી અને પર્વતારોહકો કચરો સાફ કરવાની જવાબદારી ઉઠાવતા નથી. ૨૦૨૪ માં, શેરપાઓ અને નેપાળી સૈનિકોના એક જૂથે પર્વત પરથી ૧૧ ટન કચરો સાફ કર્યો હતો અને ચાર મૃતદેહો બહાર કાઢ્યા હતા. આ મિશન સરળ ન હતું: બરફથી સંપૂર્ણપણે ઢંકાઈ ગયેલા એક મૃતદેહને બહાર કાઢવામાં આ ટીમને બે દિવસનો સમય લાગ્યો હતો. ટીમને ત્યાં મળેલો કેટલોક કચરો તો ૬૯ વર્ષ જૂનો હતો!

હાલમાં ૨૦ મેના રોજ એક જ દિવસમાં ૨૭૪ પર્વતારોહકોએ શિખર સર કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે, જેણે અગાઉ ૨૨ મે, ૨૦૧૯ના રોજ સ્થાપિત ૨૨૩ પર્વતારોહકોના રેકોર્ડને તોડી નાખ્યો છે, જેમણે નેપાળ તરફની દક્ષિણ બાજુથી એવરેસ્ટ સર કર્યો હતો. ડ્રોન ફૂટેજમાં આ મે મહિનામાં સાનુકૂળ હવામાનનો લાભ લેવા માટે સેંકડો પર્વતારોહકો પર્વત પર ચઢવા માટે લાઇનમાં ઉભેલા જોવા મળ્યા હતા, જેના કારણે એવરેસ્ટના અતિ-વ્યાપારીકરણ અંગેની ચર્ચાઓ ફરી શરૂ થઈ છે. નિષ્ણાતો ઘણીવાર પર્વત પર મોટી સંખ્યામાં પર્વતારોહકોને મંજૂરી આપવા બદલ નેપાળની ટીકા કરે છે, જેના કારણે ક્યારેક શિખરની બરાબર નીચેના વિસ્તારમાં જોખમી ટ્રાફિક જામ અથવા લાંબી કતારો સર્જાય છે. માઉન્ટ એવરેસ્ટને સંપૂર્ણપણે કચરાના ઢગલામાં ફેરવાઇ જતો અટકાવવા માટે તેના પર પર્વતારોહણની પ્રવૃતિ થોડા સમય માટે સંપૂર્ણપણે અટકાવી દેવી જોઇએ. ઓછામાં ઓછું ત્રણેક વર્ષ પણ પર્વતારોહણ બંધ રાખીને તાલીમબધ્ધ ટુકડીઓ અને લશ્કરની સહાયથી સફાઇ અભિયાન શરૂ કરવામાં આવે તો સ્થિતિ સુધરી શકે છે. વિશ્વભરના દેશોએ આ માટે નેપાળ સરકાર પર દબાણ કરવું જોઇએ.

## ક્યારેક દુનિયાથી કટ ઓફ થઈ જાવ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સોસાયટીમાં રહેતા એક ૫૦-૫૨ વર્ષનાં આન્ટી નિશાબહેન રોજ સાંજે બહાર જાય અને સવારે મંદિરે જાય, રસ્તામાં જે મળે બધા સાથે વાતો કરે અને સોસાયટીમાં કોઈને મદદ જોઈએ તો પહેલાં હાજર હોય.

નિશાબહેન ૨૫-૩૦ દિવસ બિલકુલ દેખાયાં જ નહિ, કયાં ગયાં હતાં કોઈને ખબર નહિ, ન ગ્રુપમાં કોઈ મેસેજ અને ન ફોન કોલ લાગે. ઘણાએ તેમને યાદ કર્યાં પણ હશે ક્યાંક બહારગામ ગયાં હશે એમ સમજી બધા પોતાના જીવનમાં પડી ગયા.

બે મહિના પછી આન્ટી સોસાયટીમાં આવ્યાં તો એકદમ બદલાયેલાં લાગતાં હતાં, શરીર વધારે ફીટ લાગતું હતું અને ચહેરા પર વધુ ચમક હતી અને આંખોમાં ખુશી. બધાં તેમને જોઇને બોલ્યાં, ‘અરે, આન્ટી બહુ દિવસે દેખાયાં. અચાનક કયાં ગયાં હતાં?’

આન્ટીએ કહ્યું, ‘એર પ્લેન મોડમાં હતી!’ આવો જવાબ સાંભળી બધાને બહુ નવાઈ લાગી. એક યુવતીએ પૂછ્યું, ‘આન્ટી એટલે શું?’ નિશા આન્ટી બોલ્યાં, ‘અરે મજાક નથી કરતી. જેમ આપણો ફોન એર પ્લેન મોડમાં હોય તો બહારથી કોઈ મેસેજ કે ફોન આવી ના શકે પણ આપણે ફોનને વાપરી શકીએ, ફોટા લઇ શકીએ, જુના ફોટા જોઈ શકીએ, મ્યુઝિક સાંભળી શકીએ, વિડીઓ જોઈ શકીએ, કોઈ એપ પર કામ પણ કરી શકીએ...હા બસ, બહારથી કોઈ મેસેજ કે ફોનની દખલ નહિ.’

એક યુવતી મજાકના ટોનમાં બોલી, ‘આન્ટી, પણ તમે થોડાં મોબાઈલ ફોન છો...’ આન્ટીએ કહ્યું, ‘હું મોબાઈલ ફોન નથી અને તું પણ મોબાઈલ ફોન નથી પણ આ એર પ્લેન મોડની અસર આપના બધા પર સરખી જ છે, આપણે માણસોએ પણ ક્યારેક એર પ્લેન મોડમાં જવું જ જોઈએ.

ક્યારેક દુનિયાથી કટ ઓફ થઈને પણ જીવવાની મજા લેવા જેવી છે.જરૂરી નથી સતત દરેક નોટીફીકેશનને વાંચીને તેનો જવાબ આપવો, જીવનમાં બીજાના દરેક અભિપ્રાય, દરેક વાત,દરેક પ્રતિભાવ પર ધ્યાન આપવાની જરૂર નથી.જીવનમાં હંમેશા બીજાની દખલ કે ખલેલ જરૂરી નથી.જીવનમાં તમે કોઈના પણ સાથ કે સંગાથ કે એકલા પણ જીવી શકો છો, શ્વાસ લઈ શકો છો, વાંચીને, શીખીને વિકાસ કરી શકો છો, તમારાં કામ એકલાં કરી શકો છો, કંઇક નવું સર્જન કરી શકો છો અને કયારેક કયારેક આમ કરવું બહુ જરૂરી છે. જીવનમાં બહારના ઘોંઘાટથી દૂર જઈને જાતને શોધવાનો સમય મળશે.ઘણી વાર જીવનમાં આગળ વધવા માટેનો રસ્તો બધા સાથે બહારની દુનિયાથી નાતો તોzડી જાત સાથે જોડાવાથી મળી જાય છે.’ એક વાર થોડા દિવસો કે કલાકો માટે એરપ્લેન મોડમાં જઈને પ્રયોગ કરી લેજો.

# પરીક્ષાની ભ્રષ્ટ વ્યવસ્થા અને મેરીટનો ભ્રમ

એક પછી એક કેટલા છબરડા! પહેલાં નીટ પરીક્ષાનું પેપર ફૂટી ગયું, પછી સી.બી.એસ.સી. ની પરીક્ષાના મૂલ્યાંકનની ગેરરીતિ સામે આવી અને હવે સી.યુ.ઈ.ટી. પરીક્ષામાં ટેકનિકલ ખામી સર્જાઈ અને ૩૭૬૫ વિદ્યાર્થી પરીક્ષા ચૂકી ગયાં! આ બધી જ કેન્દ્રીય સ્તરે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા છે, જેને માટે અથાગ મહેનત કરી વિદ્યાર્થીઓએ સફળ જીવનનાં સપનાં જોયાં હોય! જો આ જ પરીક્ષામાં ધાંધિયા થાય તો હતાશા અને નિરાશા થાય અને વિદ્યાર્થીઓ આત્મહત્યા સુધી પણ પહોંચી શકે. અત્યાર સુધી તેર વિદ્યાર્થીઓએ આવું આત્યંતિક પગલું લીધું હોવાનું નોધાયું છે,

વિદ્યાર્થીની લાયકાત નક્કી કરવા માટે બહુ વિકલ્પ પ્રશ્નવાળી પરીક્ષાની યોગ્યતા અંગે દુનિયાભરના દેશોમાં વિવાદ છે. એ ચર્ચામાં ના પડીએ તો પણ, કેન્દ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સપાટી પર આવેલો ગેરવહીવટ માત્ર વહીવટી નિષ્ફળતા નથી પણ આખી વ્યવસ્થા ઉપર ઊઠતો સવાલ છે. આખા દેશમાં પરીક્ષા લેવાની જવાબદારી જેને સોંપાઈ છે તે નેશનલ ટેસ્ટ એજન્સીની કાબેલિયત અને વિશ્વસનીયતા સામે અનેક વાર સવાલ ઊઠ્યા છે. એક જ મહિનામાં ઉપરાછાપરી બનેલી ઘટનાઓએ એ ભ્રમનો ભાંગીને ભૂકો કરી નાખ્યો કે રાષ્ટ્રીય સ્તરની મોટી પરીક્ષાઓ તટસ્થ, નિષ્પક્ષ અને ન્યાયસંગત હોય છે, જે સૌ માટે સમાન તક ઊભી કરે છે. જ્યારે કોઈ પરીક્ષા, રોજગાર અને પ્રગતિ માટેનો મુખ્ય માર્ગ બની જાય છે, ત્યારે તેની ભૂમિકા માત્ર કોલેજમાં પ્રવેશ મેળવવા પૂરતી મર્યાદિત રહેતી નથી, પણ તે વ્યક્તિની “યોગ્યતા”નો પુરાવો બની જાય છે. પરીક્ષામાં સફળતા કે નિષ્ફળતાને વ્યક્તિની આવડત સાથે જોડવામાં આવે છે. ભલે ને સિસ્ટમ મૂળભૂત રીતે અસમાન હોય. નીટ, કે સી.યુ.ઈ.ટી. જેવી પરીક્ષામાં લાખો વિદ્યાર્થી બેસે છે એમની સાથે એમનાં પરિવારોની નાણાંકીય બચત, તેમજ ભાવનાત્મક રોકાણ પણ દાવ પર લાગ્યા હોય

## કહેવાની વાત

નેહા શાહ

**જ્યારે ગરીબ વિદ્યાર્થીઓ માટે એક જ પરીક્ષા આખું ભવિષ્ય નક્કી કરતી હોય છે. પ્રગતિના રસ્તે જતાં દરવાજા દૂરથી દેખાય છે પણ ઉઘડતાં નથી**

છે. સામે પ્રવેશ જો થોડાક હજાર વિદ્યાર્થીને જ મળવાનો હોય ત્યારે ભારે દબાણ હેઠળ કેટલાંક લોકોને જીવનમાં આગળ વધવા અથવા ટકી રહેવા માટે ગેરરીતિ “જરૂરી”લાગવા માંડે છે અને ભ્રષ્ટ વ્યવસ્થા તેમની અસલામતીને પોષતી રહે છે.

ભારતની પરીક્ષાવ્યવસ્થા સમાજમાં રહેલી વિસંગતિનું જીવંત ઉદાહરણ છે. માઈકલ સેન્ડલ નામના અમેરિકાના એક જાણીતા રાજકીય તત્ત્વચિંતક કહે છે કે એક જ પરીક્ષાના આધારે વિદ્યાર્થીની પ્રતિભા નક્કી કરવામાં આવે ત્યારે ‘તટસ્થ’ અને ‘ન્યાયિક’ લાગતી આ વ્યવસ્થા હકીકતમાં સમાજમાં રહેલી અસમાનતાને છુપાવવાનું કામ કરે છે. એક તરફ શહેરની સારી શાળાઓમાં ભણતાં, મોંઘા કોચિંગ ક્લાસની ફી ભરતાં, સ્થિર ઈન્ટરનેટની સગવડ વચ્ચે જીવતાં એવાં શિક્ષિત માતા-પિતાનાં સંતાન અને બીજી તરફ નબળી સરકારી શાળાઓમાં ભણતાં વિદ્યાર્થી વચ્ચે કોઈ વાસ્તવિક સમાનતા નથી. છતાં સ્પર્ધાનાં ધોરણો બંને માટે સમાન છે. શું આવી વ્યવસ્થાને ‘તટસ્થ’ કહી શકાય? આવા અસમાન મેદાન પર ઝઝૂમતાં વિદ્યાર્થીઓના પડતા પર પાટુ મારવાનું કામ કરે છે. પરીક્ષાઓ સાથે જોડાયેલી ગેરરીતિઓ, જેમાં શક્તિશાળી લોકોની સંડોવણી સામાન્ય બની ગઈ છે અને એમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં ન લેવાય તો કોઈને આશ્ચર્ય નથી થતું. કહેવાતી “તટસ્થ”વ્યવસ્થા પણ પૈસા અને રાજકીય પ્રભાવ સામે નબળી પડે છે.

ભ્રષ્ટ વ્યવસ્થાનો ભોગ સમૃદ્ધ વર્ગનો વિદ્યાર્થી પણ બને જ છે. પણ એની પાસે ખાનગી કોલેજો કે વિદેશી શિક્ષણ જેવા વિકલ્પો છે. ધારે તો કાનૂની લડત પણ આપી શકે છે. મા-બાપ એને વિશ્વાસ આપી શકશે કે એક પરીક્ષાથી જીવનની શક્યતાનો અંત નથી આવતો. સફળતાનો કોઈક રસ્તો તો એને માટે ખૂલી જ જશે. જ્યારે ગરીબ વિદ્યાર્થીઓ માટે એક જ પરીક્ષા આખું ભવિષ્ય નક્કી કરતી હોય છે. પ્રગતિના રસ્તે જતા દરવાજા દૂરથી દેખાય છે પણ ઉઘડતાં નથી. જિંદગીભર એ વિદ્યાર્થી પોતાની આવડત પર શંકા કરવા અને ઓછી પડેલી મહેનતને કોસવામાં કાઢશે.

આ વર્ષની ઘટનાઓએ તો એ પણ સ્પષ્ટ સાબિત કરી દીધું કે ગેરરીતિઓ આકસ્મિક નથી તેમજ વ્યવસ્થાના કર્તા-હર્તા એનાથી અજાણ પણ નથી. સી.બી.એસ.સી. પરીક્ષા આપનાર સત્તર વર્ષનાં બે વિદ્યાર્થીઓએ ખૂલીને કહ્યું છે કે તેમણે ફેબ્રુઆરી મહિનામાં સી.બી.એસ.સી. પરીક્ષા અને મૂલ્યાંકનની ડીજીટલ પદ્ધતિમાં રહેલી એવી ગંભીર નબળાઈઓ તરફ ધ્યાન દોર્યું હતું કે છે જેને કારણે માર્ક્સ અને પરિણામોમાં ગેરરીતિ શક્ય બની શકે. પરંતુ સી.બી.એસ.સી.ની સિસ્ટમ અને મંત્રાલય બંનેએ તેમનાં સૂચનો પ્રત્યે લગભગ મૌન જ રાખ્યું. વિદ્યાર્થીની પ્રતિભા (મેરીટ)ને તટસ્થ રીતે તપાસવાનો દાવો કરતી આ પરીક્ષાઓમાં જ્યારે ભ્રષ્ટાચાર, ટેક્નોલોજીકલ ક્ષતિઓ, કોચિંગ ઉદ્યોગ અને રાજકીય પ્રભાવ ઉમેરાય છે, ત્યારે “મેરિટ”નો આખો વિચાર જ ખોખલો બની જાય છે. માઈકલ સેન્ડલ કહે છે એમ ‘મેરીટ’નામનો પડદો મુઠ્ઠીભર લોકોના હાથમાં રહેલા આર્થિક અને માનવીય મૂડી ઉપરનાં વિશેષાધિકારને છુપાવવાનું કામ કરતો રહે છે, જ્યારે લાખો વિદ્યાર્થીઓ માટે શિક્ષણવ્યવસ્થા આશા કરતાં વધુ નિરાશા, અસમાનતા અને હતાશા ઉત્પન્ન કરતી રહે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# એડમિશન એક્સપ્રેસ: સપનાં, સર્વર અને વાલીઓની મૂંઝવણ

ધોરણ ૧૨નું પરિણામ જાહેર થાય એટલે વિદ્યાર્થીઓ અને વાલીઓનાં દિલના ધબકારા વધી જાય છે. માર્કશીટ હાથમાં આવતાંની સાથે જ શરૂ થાય છે એક એવો દોર, જેને સાચી વિભાવનામાં ‘એડમિશનની દોડધામ’ કહી શકાય. જૂન મહિનો શરૂ થતાં જ ગુજરાતની તમામ નામી-અનામી યુનિવર્સિટીઓ અને કોલેજોના કેમ્પસ વાલીઓ અને વિદ્યાર્થીઓની ચહલપહલથી ઉભરાવા લાગે છે. ડિજિટલ યુગમાં પ્રક્રિયા ભલે ઓનલાઇન થઈ હોય, પરંતુ માનસિક દોડધામ અને મૂંઝવણો આજે પણ એ જ પરંપરાગત શૈલીમાં જોવા મળે છે.

વર્તમાન સમયમાં લગભગ તમામ મોટી યુનિવર્સિટીઓએ સેન્ટ્રલાઈઝડ ઓનલાઇન એડમિશન પ્રક્રિયા (GCAS વગેરે) અપનાવી છે. દેખીતી રીતે આ પ્રક્રિયા સરળ લાગે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે. સાયબર કાફે પર લાગતી લાઈનો, સર્વર ડાઉન થવાની સમસ્યાઓ, ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં થતી ભૂલો અને મેરિટ લિસ્ટની ગણતરી સમજવામાં વાલીઓનો પરસેવો છૂટી જાય છે.

એક નાની સરખી ભૂલ આખી કારકિર્દી પર ભારે પડી શકે છે તેવા ડરથી, પરિવારો દિવસ-રાત કમ્પ્યુટર સ્ક્રીનની સામે ગાળતાં જોવા મળે છે. કઈ કોલેજને પ્રથમ પસંદગી આપવી તે અંગેની ગડમથલ દરેક ઘરમાં ચર્ચાનો મુખ્ય વિષય બને છે.

આજના એડમિશન ટ્રેન્ડમાં એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. B.A., B.Com, કે B.Sc. જેવા પરંપરાગત વિષયોની સાથે હવે વિદ્યાર્થીઓ ન્યૂ-એજ કોર્સિસ તરફ આકર્ષાયાં છે.

BBA, BCA અને ડિજિટલ માર્કેટિંગ જેવા વ્યાવસાયિક કોર્સમાં એડમિશન મેળવવા ભારે ધસારો રહે છે.ભાષા અને સાહિત્ય (જેમ કે ગુજરાતી કે અંગ્રેજી સાહિત્ય) પ્રત્યે ઊંડો રસ ધરાવતો એક પ્રબુદ્ધ વર્ગ આજે પણ ભાષાઓમાં પ્રોફેસર બનવા કે સંશોધન ક્ષેત્રે આગળ વધવા આર્ટસ કોલેજો તરફ વળે છે.

AI અને ડેટા સાયન્સના જમાનામાં IT ક્ષેત્રના કોર્સિસમાં સીટો મેળવવા માટે ગળાકાપ હરીફાઈ થાય છે.

સૌથી મોટી દોડધામ અને માનસિક તાણ ત્યારે ઊભી થાય છે જ્યારે જાણીતી અને પ્રતિષ્ઠિત કોલેજોના પ્રથમ મેરિટ લિસ્ટ બહાર પડે છે. ઊંચા કટ-ઓફ માર્ક્સ જોઈને મધ્યમ સ્કોર મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમનાં વાલીઓ ચિંતામાં મુકાઈ જાય છે. “બીજી યાદીમાં નામ આવશે કે નહીં?”, “જો આ કોલેજમાં ન મળ્યું તો પ્લાન-બી શું રાખવો?” જેવા સવાલો વાલીમંડળો અને સોશ્યલ મીડિયા ગ્રુપોમાં સતત ગૂંજતા રહે છે. સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્લેસમેન્ટ ધરાવતી કોલેજોમાં એક-એક સીટ માટે ભારે રસાકસી થાય છે.

**ઊંચા કટ-ઓફ માર્ક્સ જોઈને મધ્યમ સ્કોર મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમનાં વાલીઓ ચિંતામાં મુકાઈ જાય છે. બીજી યાદીમાં નામ આવશે કે નહીં?**

કોલેજ એડમિશન માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પણ વાલીઓ માટે આર્થિક અને માનસિક કસોટીનો સમય છે.સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં મર્યાદિત સીટો હોવાને કારણે, ઘણાં વિદ્યાર્થીઓને સેલ્ફ-ફાઈનાન્સ (સ્વનિર્ભર) કોલેજો તરફ નજર દોડાવવી પડે છે. આ કોલેજોની ઊંચી ફી, હોસ્ટેલનો ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન અને અન્ય છૂપા ખર્ચાઓ મધ્યમવર્ગીય પરિવારોના બજેટને હચમચાવી મૂકે છે. તેમ છતાં, સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીઓ લોન લઈને કે પોતાની બચત ખર્ચીને પણ શ્રેષ્ઠ શિક્ષણ અપાવવા દોડધામ કરે છે.

એડમિશનની આ દોડધામમાં ક્યારેય મિત્રોની દેખાદેખી કે કોઈ ખોટા ટ્રેન્ડના પ્રભાવમાં આવીને નિર્ણય ન લેવો જોઈએ. વિદ્યાર્થીએ પોતાની સાચી રુચિ, ક્ષમતા અને જે-તે ક્ષેત્રમાં ભવિષ્યની તકોને ધ્યાનમાં રાખીને જ વિષયની પસંદગી કરવી હિતાવહ છે.

કોલેજ એડમિશનની આ દોડધામ જીવનના એક મહત્ત્વપૂર્ણ વળાંક સમાન છે. સ્કૂલ લાઈફના સીમિત વાતાવરણમાંથી નીકળીને યુનિવર્સિટીના વિશાળ ફલક પર પગ મૂકવાની આ પ્રક્રિયા ભલે અત્યારે થકવી નાખનારી અને તણાવપૂર્ણ લાગતી હોય, પરંતુ આ જ દોડધામ વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતા અને જીવનના નિર્ણયો જાતે લેવાના પાઠ શીખવે છે. આ સમય ધીરજ, સચોટ માહિતી અને યોગ્ય માર્ગદર્શન સાથે પસાર કરવાનો છે, જેથી આવતી કાલની પેઢી પોતાનું મનપસંદ મુકામ હાંસિલ કરી શકે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિશ્વ પર્યાવરણ દિન

તારીખ 5 મી જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવીએ છીએ ત્યારે પર્યાવરણને બચાવવા જે કંઈ ઝુંબેશ ઉપાડવી પડે તો જરૂરી કાર્યવાહી હાથ ધરવી જોઈએ. વધુ વૃક્ષ વાવો ની ઝુંબેશ અને વૃક્ષને કપાતાં બચાવવાં જોઈએ. પર્યાવરણ બચાવવા નદીઓ પણ સ્વચ્છ રાખવાની તમામની ફરજ છે. દૂષિત, ગંદુ, કેમિકલયુક્ત પાણી નદીમાં ન છોડવું જોઈએ. નાની પ્લાસ્ટિકની વસ્તુઓ, મેડીકલ સર્જીકલ વસ્તુઓનો યોગ્ય સ્થળે નિકાલની વ્યવસ્થા થવી જોઈએ. વાતાવરણમાં ઑક્સિજન ભળે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે તો ઑક્સિજનના અભાવે માનવમૃત્યુ ટાળી શકાય. કોરોના કાળ દરમિયાન ઑક્સિજનની જ વધુ માત્રામાં જરૂર પડી હતી. માનવજીવનને યોગ્ય સમય સુધી ટકાવવા માટે હવા શુદ્ધ અને પીવાનું પાણી તો ચોખ્ખું જ દરેક નાગરિકને ઉપલબ્ધ કરાવવું જોઈએ. પર્યાવરણની મહત્તા અત્યારે ન સમજીશું તો આવનારું ભવિષ્ય ધૂંધળું હશે એમાં બે મત નથી માટે પર્યાવરણ દિન નિમિત્તે વધુ વૃક્ષ વાવો, હવામાં પ્રદૂષણ ન ફેલાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે તો એક જ સૂત્ર અમલમાં મૂકીએ. પર્યાવરણ બચાવો, જીવન બચાવો. તંદુરસ્ત જીવન રાખવા માટે નદીને સ્વચ્છ રાખીએ. સ્વચ્છ ભારત મિશનને આગળ ધપાવીએ.

**સુરત -ચંદ્રકાન્ત રાણા**

## કોમ્પ્યુટરથી ઓછા માણસોથી કામ થાય છે

નવી રીક્રુટમેન્ટ બંધ થઈ ગઈ છે. પચાસ કલાકને બદલે ફક્ત આખી બેંક લગભગ દસ માણસથી ચાલે છે. કોમ્પ્યુટરાઈઝ પહેલાં જાડા જાડા લેજરે દર વર્ષે બદલાતા. આથી બેંકો પર અસહ્ય ખર્ચ વેઠવો પડતો. કોમ્પ્યુટરાઈઝડથી ઓછી સ્ટેશનરીથી લગભગ લેજરોનો બોજો હળવો થઈ ગયો. એપ્લીકેશન ફોર્મમાં વારંવાર ફેરફાર થતાં રહે છે. આથી અગાઉથી જથ્થાબંધ છપાતાં ફોર્મ લગભગ વસ્તીમાં જતા હોય છે. RBIની ગાઈડ લાઈન પ્રમાણે દરેક ફોર્મ ફોરમેટના ડેટા અગાઉથી ફીડ કરેલા હોય છે. જરૂરિયાત પ્રમાણે જોઈતા પ્રમાણમાં જ ફોર્મના ફોર્મેટના ડેટા પરથી મેળવી શકાય. જથ્થાબંધ ફોર્મ છપાવવાની જરૂર જ નથી.

**અડાજણ -અનિલ શાહ**

## સુરત સોનાની મૂરત કે ક્રાઈમ સિટી?

છાશવારે ગુન્હાઓ નું પ્રમાણ દિવસો દિવસ ‘દિન જૂની રાત ચૌગુની’કહેવત અનુસાર વધુ ને વધુ વધતું જાય છે. દિન દહાડે ન કેવળ ખૂન થઈ જાય છે, કહેવાતી દારુબંધી, નો સરેઆમ અમલ થતો નથી. શું પોલીસ દ્વારા આંખ આડા કાન કરી, છુપા આશીર્વાદ ના આચળા હેઠળ બેરોકટોક કદાચ હપ્તા હેઠળ ખુલ્લો દોર આપવામાં આવ્યો છે? વાર એરપોર્ટ પરથી સોનાની દાણચોરીના અહેવાલ ન કેવળ ચિંતા ઉપજાવનાર છે.પરંતુ કાયદો એકદમ ખાડે જતો રહ્યો છે તેનાં ઉત્તમ ઉદાહરણ છે. નકલી ગુટખા, નકલી ઘી, નકલી પનીર ની ફેક્ટરીઓ દ્વારા સ્વાસ્થ્ય સાથે ન કેવળ ચેડાં કરાય છે,પરંતુ રોગને ખુલ્લેઆમ નિમંત્રણ જાણે ન આપતાં હોય! આ તમામ ઘટનાઓને જોતાં એમ કહી શકાય કે’સબ ભૂમિ ગોપાલકી’તેમ સૂરત હવે સોનાની મૂરત નથી રહી. ક્રાઈમ નગરી બની રહી છે. જેમ સાપને ઊગતો જ ડામી દેવો જોઈએ તેમ , રોગને પણ ઊગતો જ અટકાવવો રહ્યો તેમ ગુન્હાઓ ને ઊગતાં જ ડામવાની યુદ્ધના ધોરણે જરુરી જણાય છે.

**સુરત -રમેશચંદ્ર જોષી**

## બધી માન્યતાઓ સાચી નથી હોતી

ખોરાક એ વ્યક્તિગત પસંદગીનો વિષય છે. માત્ર ખોરાકને આધારે કોઈના પણ વ્યક્તિત્વને મૂલવવું ભૂલભરેલું છે. અન્ન તેવો ઓડકાર એ કહેવત કહેવત તરીકે ઠીક છે..બાકી ખૂંખાર અને પરપીડનમાં આનંદ લેનાર શાકાહારીઓ પણ છે. બરાબર સામે પક્ષે માંસાહારી હોવા છતાં માનવીય અભિગમ અને બીજા પ્રત્યે દયા, માયા હમદર્દી બતાવનાર પણ છે જ છે. હિટલર શાકાહારી હતો પણ યહૂદીઓને ગેસ ચેમ્બરમાં ગૂંગળાવી મારવાનો વિકૃત આનંદ લેતો. વળી આનો તે ટિકિટ શો પણ રાખતો.

ભારતીય પૌરાણિક કથા અનુસાર દુર્વાસા નામના ઋષિ શાકાહારી હોવા છતાં સતત ક્રોધિત રહેતા એ જયારે જયારે બોલ્યા છે ત્યારે મોટે ભાગે કોઈને કોઈને શાપ જ આપતા.

મારા મતે “કોઈના મોઢામાં શું જાય છે એનાં કરતાં વધુ અગત્યની વાત એનાં મોઢામાંથી શું નીકળે છે એ છે.”

કહેવાતા શાકાહારીઓ જયારે જયારે બોલે ત્યારે આગ ઓકતાં હોય.

**સુરત -પ્રકાશ પરમાર**

## રાજકારણ, ન્યાય અને માનવતા

દિનાંક 3 જૂન ના તંત્રીલેખ “ફિંગર પ્રિન્ટ” માં માત્ર આપણા રાષ્ટ્ર જ નહી સમસ્ત વિશ્વ ની સામાજીક, આર્થિક કે પછી ધાર્મિક જેવી અનેક સમસ્યાઓ ને આવરી લેતો લેખ વાંચવા મળ્યો. કહેવાય છે કે “જાકી રહી ભાવના જૈસી પરભુ મૂરત દેખી તૈસી.” બંગાળની નવી ચુંટાયેલ સરકાર ના વર્તમાન નિર્ણય તરફી કે વિરૂદ્ધ જે અર્થઘટન કરવુ હોય તે કરી શકે છે, કેમ કે લેખ ના પોણા ભાગ માં રાજકારણ અને ન્યાયતંત્ર સરસ રીતે આવરી લીધો છે. પણ સાથે સાથે ક્રિકેટ માં છેલ્લી બે - પાંચ ઓવર જે રીતે નિર્ણયાત્મક બની જતી હોય છે તે જ પ્રકારે છેલ્લા ‘પા’ ભાગમાં માનવતાની વાત સરસ રીતે રજૂ કરી છે. જો આપણા દેશ માં “તાજ હોટલ (મુંબઇ)” પર થયેલા આતંકવાદી હુમલા માં જીવતા પકડાયેલા પેલા આતંકવાદી કસાબ ને પણ જો સરકારશ્રી એ ન્યાયિક અને માનવિય કવરેજ પૂરુ પાડ્યુ હોય તો જેઓ “ડીટેક્ટ, ડીલીટ અને ડીપોર્ટ” ના અભિયાન હેઠળ આવરી લેવા માં આવ્યા છે તેઓ માટે શું આ મુદ્દો લાગુ પડાશે? એની આવશ્યકતા છે કે કેમ? અસ્તુ.

**સુરત -ચેતન જોષી**

## આંતરરાષ્ટ્રીય ચા દિવસ

તા.૨૭ મે આંતરરાષ્ટ્રીય ચા દિવસ તરીકે ઉજવાય છે.બે દિવસ પહેલાં જ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ગયો. તે નિમિત્તે ચા વિશે થોડું : લીંબુવાળી ચા પેટ ઘટાડે, આદુવાળી ચા ગળું સુધારે. મસાલાવાળી ચા ઈમ્યુનિટી વધારે, મલાઈવાળી ચા મોભો દેખાડે! સવારની ચા તાજગી લાવે,સાંજની ચા થાક મિટાવે.

કીટલીની ચા મોજ કરાવે,પડોશીની ચા વ્યવહાર વધારે.

મિત્રોની ચા સંગતમાં રંગત લાવે, પોલીસની ચા મુસીબતથી બચાવે.

સાહેબોની ચા ફાઈલો આગળ વધારે, નેતાઓની ચા બગડેલાં કામ સુધારે.

વિદ્વાનોની ચા સુંદર વિચારો સજાવે, કવિઓની ચા લાગણીઓમાં વહાવે. સગાં-સંબંધીઓની ચા સંબંધો મીઠા બનાવે, ચા ચા ચા... સૌના મનને ભાવે! એક ચા ભૂખ્યાની ભૂખ મિટાવે,એક ચા આળસને ભગાવે. એક ચા ભાઈચારો વધારે,એક ચા સન્માન અપાવે.

એક ચાથી હર કામ બની જાય, એક ચાથી હર ગમ દૂર થઈ જાય. એક ચા સંબંધોમાં મીઠાશ લાવે, એક ચા ખુશીઓ અનેક અપાવે. ચા પીઓ અને ચા પીવડાવો,

જીવનને આનંદમય બનાવો! અને અંતે

વરદાનની ચા રોગ મટાડે..

આંતરરાષ્ટ્રીય ચા દિવસની દરેકને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

આંતરરાષ્ટ્રીય ચા દિવસ નિમિત્તે જેમણે પણ આટલું સુંદર વર્ણન કર્યું છે તે પૂરેપૂરા અભિનંદનના અધિકારી છે.

**સુરત -સુરેન્દ્ર દલાલ**